ગાંધીનગરમાં આવતા વાહનચાલકોમાં સર્તકતાની અગમચેતી

વાઈબ્રન્ટ સમિટ અન્વયે માર્ગોના ડાઈવર્ઝન અને વાહનની ચુસ્ત તપાસની કડક જોગવાઈથી વેગળા રહેવાનું મુનાસીબ સમજી રહ્યા છે

ગાંધીનગર તા.૨

ગાંધીનગરમાં ગણતરીના દિવસોમાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે ત્યારે દેશ વિદેશથી આવનારા મહેમાનો અને આમંત્રિતોની સુરક્ષા માટે સુરક્ષા એજન્સીઓ અને પોલીસે અતિ સુક્ષ્મ ચાંપતો બંદોબસ્તનું આયોજન કર્યું છે. જેની અસરો નગરમાં ચોતરફ વર્તાઈ રહી છે. જેથી વાહનચાલકો કે જે ગાંધીનગર તરફથી આવે છે. તેઓ નગરના માર્ગોનાં ડાઈવર્ઝન અને વાહનની ચુસ્ત તપાસની કડક જોગવાઈથી દુર રહેવા અત્યારથી સર્તકતા રાખી અગમચેતી રૂપે નગરમાં આવવાનું ટાળી રહ્યા છે.

પાટનગરમાં વાઈબ્રન્ટ અન્વયેના કાર્યક્રમોની શરૂઆતની અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે. જેથી નગરમાં તેના પગરવ મંડાઈ ચુકયા છે અને સંપુર્ણ નગર વિદેશ અને દેશમાંથી પધારતાં મહેમાનોને આવકારવા થનગની રહ્યુ છે. ત્યારે સુરક્ષા એજન્સીઓ તથા પોલીસ એલર્ટ ઉપર આવી ગઈ છે.અને જમીન અને હવાઈ માર્ગોને પોતાની સુરક્ષામાં આવરી લીધા છે.જે કારણે અત્યારથી જ ગાંધીનગરના તમામ પ્રદેશદ્વારો ઉપર વાહનોની ચુસ્ત તપાસ થઈ રહી છે. જેમાં વાહન ચાલકો પોલીસની કામગીરીમાં સહકાર તો પુરો પાડી રહ્યા છે પરંતુ સમય અને તપાસની ઝંઝટની હેરાનગતિનો ભોગ બની રહ્યા છે.

જેથી તમામ બાજુથી નગરમાં પ્રવેશ કરતાં વાહન ચાલકો આ અંગેની સર્તકતા રાખી અગમચેતી રૂપે વાઈબ્રન્ટના સમાપન સુધી નગરમાંથી કે નગરમાં પ્રવેશ કરવાનું ટાળી રહ્યા છે. પોલીસ દ્વારા ટુંક જ સમયમાં માર્ગોના ડાઈવર્ઝન અને પસાર થવાના માર્ગોની ગાઈડ લાઈન બહાર પાડવામાં આવશે અને વાહન ચાલકો તે માર્ગેથી જ પસાર થઈ શકશે. તેવો કડક અમલની જોગવાઈ થનાર હોવાનું જાણવા મળેલ છે. ગુપ્તચર એજન્સીઓ અને રાજયભરની પોલીસ ગાંધીનગરમાં ઉતરી પડવાની છે. અને તે સંપૂર્ણ નગરની આસપાસ વિંટળાઈ જશે. જેથી વાહન ચાલકો અતિ અગત્યના કામ સિવાય નગરમાં આવવા બાબતે સર્તક બની ગયા છે તો સ્થાનિક વાહનચાલકો વાહનના તમામ દસ્તાવેજ ડ્રાઈવિંગ લાયસન્સ સાથે રાખે તેવું આયોજન કરી રહ્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સંકુલ સે-૨૩ ખાતે વિદ્યાર્થીઓની સલામતી માટે સઘન વ્યવસ્થા કરવામાં આવી છે. વાલીઓ અને મુલાકાતીઓ માટે ગેટ નં. ૫ પર નામ-સરનામું નોંધાવી ઓળખ આપી પ્રવેશ આપવામાં આવશે. શાળા કેમ્પસ બહાર પાર્કીંગની સુવ્યવસ્થા કરવામાં આવી છે. આગામી દિવસોમાં મેટલ ડીટેકટર તેમજ સિકયુરીટી દ્વારા ચેકીંગ શરુ કરવામાં આવશે. (તસવીર : કશ્યપ નિમાવત)

લકઝરી બસની ટક્કરથી અંબાપુરના આધેડનું મોત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર પાસે આવેલ અંબાપુર ગામના આધેડનું લઝગરી બસની ટક્કરે મોત થવા પામ્યુ છે. આદેડ અંબાપુરથી અડાલજ જતા હતા ત્યારે અકસ્માત બનવા પામ્યો છે. ઘટનાની જાણ અડાલજ પોલીસને કરતા ઘટનાસ્થળે આવી પહોંચી હતી.

ગાંધીનગર તાલુકાના અંબાપુર ગામના રહીશ છોટાભાઈ રણછોડભાઈ પટેલ ઉં.વ. ૬૨, બાઈક લઈને અંબાપુરથી અડાલાજ પોતાના કામ અર્થે જઈ રહ્યા હતા ત્યારે અંબાપુર અડાલજ રોડ પર પુરપાટ ઝડપે માંતેલા સાંઢની જેમ આવી રહેલી લઝગરી બસના ચાલકે બાઈકને ટક્કર મારતા છોટાભાઈ બાઈક લઈને રોડ પર પટકાયા હતા અને શરીરે ગંભીર ઈજાઓ થવા પામતા ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. આ ઘટનાની જાણ અડાલજ પોલીસને કરતા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી છે.

આધુનિક જ્ઞાન ભલે મેળવો પણ ભારતીયતા કદી ત્યજવી નહી : પૂ. ફુલશંકર શાસ્ત્રી

સે. ૨૨માં શ્રીમદ્ ભાગવત જ્ઞાન કથામાં પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીની અમૃતવાણી રેલાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સે. ૨૨માં આનંદવાટિકા સોસાયટીમાં ચાલી રહેલ શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાન સપ્તાહમાં પૂ. ફૂલશંકર શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, 'નારાયણ આપ્ટેએ બાળ ગંગાધર ટિળકને 'આર્ય'ની વ્યાખ્યા સમજાવતા કહ્યું હતું કે જે કર્તવ્ય કર્મ કરે, ન કરવા જેવુ ન કરે અને માનવ સહજ આચરણ કરે તેનું નામ આર્ય. તેમના મતે મહાભારત ગ્રંથમાં જેન્ટલમેન્ટ માટે આર્ય શબ્દ વપરાયો છે.

શાસ્ત્રીજીના કહેવા પ્રમાણે લાખો વર્ષ પૂર્વેના વેદોમાં ઘઉં વગેરે

ધાન્યોનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. અને તે સમયે હાલના ઈંગ્લેન્ડનું નામ આર્વતન અને જાપાનનું નામ પાંચજન્ય હતુ. આથી આધુનિક જ્ઞાન ભલે મેળવો પણ ભારતીયતા કદી ત્યજવી નહી. તેમણે કહ્યું હતું કે જાપાનીઓ અને ચાઈનીઝોએ ગુગલ સહિતની પોર્ન વેબસાઈટોને જાકારો આપી દીધો છે. જ્યારે આપણે ત્યાં દિન પ્રતિદિન તેમાં ઉમેરો થતો જાય છે. ભારતમાં વૃત્રાસુર જેવો અસુર પણ નીતી વાળો હતો માટે વૃત્રાસુરની સ્તુતિ ગાન ગવાય તો જ શ્રીમદ્ ભાગવત કથા પૂર્ણ થઈ કહેવાય. તેમના મતે ભાગવત કથામાં પરમાણુની સચોટ વ્યાખ્યા છે પણ આપણે આ ગ્રંથને ધ્યાનથી વાંચવો ઘટે.

આદિવાડા પાસે હિટ એન્ડ રન

અજાણ્યા વાહનના ચાલકે સાઈકલસવારને અડફેટે લઈ મોત નિપજાવ્યુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના ઘ-૭ થી આદીવાડા માર્ગ પર ગત રોજ એક અજાણ્યા વાહનચાલકે સાઈકલ સવારને ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેક્ટર-૨૩ના બ્લોક નં. ૧૧૫/૫માં રહેતા ઈશ્વરસિંહ ગંગાદત જાટ સાઈકલ લઈ ગતરોજ આદિવાડા-ઘ-૭ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. બસ આજ સમયે કોઈ અજાણ્યા વાહનના ચાલકે બેફામગતિએ વાહન હંકારી સાઈકલ સવારને અડફેટે લેતા સાઈકલ સવાર માર્ગ પરથી ફંગોળાઈ ગયો હતો. આથી તેને લોહીયાળ ઈજાઓ થવા પામી હતી અને ઘટનાસ્થળે જ આધેડનું કરૂણ મોત થવા પામ્યુ હતુ. આ મામલે રમેશચંદ્ર મોહનલાલ જાટે સે. ૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની વધુ તપાસ સેક્ટર-૨૧ પોલીસના એ.એસ.આઈ. વી.પી. સોલંકી ચલાવી રહ્યા છે.

ચિલોડાની ઉમિયાનગર સોસાયટીમાં ચોરીનો પ્રયાસ

ઉપરના માળે સુતેલા પરિવારને બહારથી દરવાજો બંધ કરી દઈ પુરી દીધા બાદ નીચે જઈ નકુચો તોડયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક ચિલોડા-ઈસનપુર રોડ પર સ્થિત ઉમિયાનગર સોસાયટીમાં ગત રાત્રે તસ્કરો બાઈક લઈને ઘુસ્યા હતાં. સોસાયટીમાં રહેતા હસમુખભાઈ મથુરભાઈ પટેલના દિકરા અને દિકરીના ફેબ્રુઆરી માસમાં લગ્ન નોંધાયા છે. જેને લઈ દર દાગીનાની ખરીદી કરીને ઘરે મુકેલા હોવાની માહિતી કોઈ રીતે તસ્કરોને મળી જતાં તેમના મકાનને ટાર્ગેટ બનાવાયું હતું.

ગઈ રાત્રે હસમુખભાઈ તથા તેમું પરિવાર બીજે માળે સુતેલું હતું ત્યારે તસ્કરો બહારની સીડી વડે બીજે માળ જઈ દરવાજાને બહારથી સ્ટોપર મારી દઈ પરિવારને પુરી દીધું હતું. અને નીચેના રૂમના દરવાજાનો નકુચો ચોડી તિજોરી ફેંદી હતી પરંતુ દાગીના ઉપરના માળે જ સલામત સ્થળે મુકયા હોવાથી તસ્કરોનો ફેરો ફોગટ રહ્યો હતો જો કે આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

(તસવીર : નટુભાઈ પટેલ)

શાળા સંચાલકો અને આચાર્ય સંઘનું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન યોજાયું

શિક્ષણ એ સંચાલકો અને સરકારની સામુહિક જવાબદારી છે : શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

વાલીઓને શિક્ષણ સંસ્થા કરતા ટ્યુશન પ્રથામાં વધુ વિશ્વાસ છે : નરહરિ અમીન

ગાંધીનગર, તા. ૨

હીરામણિ સ્કૂલ કેમ્પસમાં અમદાવાદ જિલ્લા માધ્યમિક શાળા સંચાલક મંડળ અને આચાર્ય સંઘના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ શૈક્ષણિક અને વહીવટી અધિવેશનમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ સમારંભમાં શિક્ષણ બોર્ડના અધ્યક્ષ આર.આર. વરસાણી, જિલ્લા શિક્ષણાધિકારી મહેશભાઈ જોષી અને શિક્ષણ નિયામક કચેરીના કાયદા અધિકારી એમ.કે. રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શિક્ષણને સરકાર અને સંચાલકોની સામુહિક જવાબદારી જણાવી હતી. સમારંભના અધ્યક્ષ સ્થાનેથી નરહરિભાઈ અમીને ગામડાઓમાં શિક્ષણની ભૂખ વધી હોવાનું જણાવ્યું હતું. તેમણે વાલીઓને શિક્ષણ સંસ્થાઓ કરતા ટ્યુશન પ્રથામાં વધુ વિશ્વાસ હોવાનો મત રજૂ કર્યો હતો. આ સમારંભમાં મોટી સંખ્યામાં સંચાલકો અને આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા.

આજે વિશ્વ પ્રતિભા અને ગુજરાત પ્રતિભા એવોર્ડ વિતરણ સમારંભ યોજાશે

લોર્ડ મેઘનાદ દેસાઈને સરદાર પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ અને સ્વ. ડૉ. ધીરૂભાઈ ઠાકરને કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા એવોર્ડ અપાશે : રાજ્યપાલ ઓ.પી. કોહલી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨

વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા સુરતના સુરચિ ટ્રસ્ટના સહયોગથી તા. ૩જી જાન્યુઆરી શનિવારે સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ અને કનૈયાલાલ દેસાઈ ગુજરાત પ્રતિભા એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારંભ અમદાવાદમાં ગુજરાત વેપારી મહામંડળ સભાખંડમાં સાંજે ૫.૦૦ વાગે યોજાશે. આ સમારંભના અધ્યક્ષપદે રાજ્યના રાજ્યપાલ ઓ.પી. કોહલી અને મુખ્ય મહેમાન પદે ભારત-એમેરિકી સમાજના અગ્રણી ડૉ. સુધીર પરીખ ઉપસ્થિત રહેશે.

આ સમારંભમાં ખ્યાતનામ સમીક્ષક લોર્ડ મેઘનાદ દેસાઈને સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વા પ્રતિભા એવોર્ડ અને વિશ્વકોષના નિર્માતા સ્વ. ડૉ. ધીરૂભાઈ ઠક્કરને મરણોત્તર કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

સમસ્ત પ્રજાપતિ સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૨

સમસ્ત પ્રજાપતિ સમાજ વડોદરા દ્વારા તા. ૧૧મી જાન્યુઆરીએ વડોદરાના મકરપુરા ખાતે નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ રાજપુત ભવન ખાતે ષષ્ઠમ્ જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવ્યો છે. જેમાં પ્રજાપતિ સમાજના સર્વ ગોળનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પસંદગી મેળો સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા દરમિયાન યોજાનાર છે.

આ પસંદગી સંમેલનમાં મુખ્ય મહેમાન પદે રાજય સરકારના મંત્રી બચુભાઈ થાબડ અને પછાત વિકાસ નિગમના ચેરમેન જયંતિલાલ બારોટ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ભાજપના વડોદરા મહાનગરના અધ્યક્ષ ભરત ડાંગર તેમજ સુરત મ્યુનિસિપલ મેયર નિરંજન ઝાંઝમેરા અને પાલનપુરના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ સંમેલનમાં ગુજરાત ભરમાંથી તમામ પ્રજાપતિ ગોળ સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત મહિલા બી.એડ. ચૌધરી કોલેજ ખાતે ઈન્ડિયન રેડક્રોસ દ્વારા થેલેસેમીયા ચેકીંગ કેમ્પ તેમજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૦૫

તાપમાન

મહત્તમ : ૨૪.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૬૩ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦. ૦૦
સ્ક્રીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. સીમાબેન ગગજીભાઈ ભરવાડ (ઉ.વ.૫૫) સેક્ટર-૪બી, છાપરા, ગાંધીનગર
- સ્વ. મહેશભાઈ રેવાભાઈ સોલંકી (ઉ.વ.૪૨) મુ. ગીયોડ, તા.જી. ગાંધીનગર
- સ્વ. લાડુબેન મોહનભાઈ વાઘેલા (ઉ.વ.૭૦) મુ. પેથાપુર, તા.જી.ગાંધીનગર